**આંક–૩૨**

## <u>શ્રી ડી.પી.પુંજાણી, પ્રમુખ અધિકારી, મજુર અદાલત, ભરૂચ સમક્ષ</u>

**રેફરન્સ (એલ.સી.બી.) નં–૬૭/૨૦૧૫**

**<u>પ્રથમ પક્ષકાર</u> :** મેનેજરશ્રી,
રીએક્ટીવ પોલીમર્સ લી.,
અણખી–વાવલી રોડ, મુ.પો. અણખી,
તા. જંબુસર, જી. ભરૂચ.

**–:– <u>વિરૂધ્ધ</u> –:–**

**<u>બીજા પક્ષકાર</u> :** શ્રી પટેલ મિતુલભાઈ જયંતિભાઈ
રહે. અમીન ખડકી પાસે, મુ. પો. દરાપુરા,
તા. પાદરા, જી. વડોદરા.

**<u>હાજર રહ્યા</u> :** પ્રથમ પક્ષકાર તરફે વકીલશ્રી મેહુલ સી. મેહતા.
બીજા પક્ષકાર તરફે પ્રતિનિધિશ્રી આસીફભાઈ શેખ.

## –:– <u>એવોર્ડ</u> –:–

**(૧)** ઉપરોક્ત પક્ષકારો વચ્ચે ઉપસ્થિત થયેલ ઔધોગિક વિવાદ ધારાના પ્રબંધો નીચે શ્રમ આયુક્ત કચેરી, ભરૂચના કચેરી હુકમ ક્રમાંક:કે.એચ.એસ.એમ.સી./૬૪૯૧/એ.જે./આઈ.ડી.આર./૨૦૧૫, તા.૨૪/૦૬/૨૦૧૫ થી વિવાદના ન્યાયીક નિર્ણય માટે આ કોર્ટને સુપરત કરવામાં આવેલ છે. વિવાદ અનુસૂચિ વિગતે :

**–:– <u>અનુસુચિ</u> –:–**

શ્રી પટેલ મિતુલભાઈ જયંતિભાઈને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

**(૨)** સદર કામે રેફરન્સ દાખલ થતાં અત્રેથી આંક–૨ થી સદર કામના પક્ષકારોને તા.૦૨–૦૭–૧૫ ના રોજ આર.પી.એ.ડી. થી નોટીસ કરવામાં આવેલ. જે નોટીસ પક્ષકારોને બજી ગયેલ હોવાનું અત્રે રજુ આંક–૩ તથા આંક–૪ ની એ.ડી. સ્લીપ આધારે જણાય છે.

(૩) સદર કામના બીજા પક્ષકારને નોટીસની બજવણી થતાં તેઓ તેમના આંક–૫ ના પ્રતિનિધિ મારફતે હાજર રહી આંક–૭ થી તેમનું માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૧૬–૦૨–૧૩ ના રોજથી કવોલીટી આસીસ્ટન્ટ તરીકે માસીક રૂ.૧૧,૦૦૦/– ના પગારથી ખંત અને વફાદારીપૂર્વક ફરજો બજાવતા હતાં.

વધુમાં જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા એ ફર્નિચર અને સોફા બનાવી ગોદરેજ લી., કંપનીને સપ્લાય કરનારી સંસ્થા છે. પ્રથમ પક્ષકાર સંસ્થામાં માત્ર પીવીસી અને ફેબ્રીકના સોફા બનાવવામાં આવે છે. સંસ્થામાં ૨૫૦ કરતાં વધાર કામદારો કામ કરે છે. સંસ્થાની આર્થિક પરીસ્થિતિ ઘણી જ સારી અને સધ્ધર છે. પ્રથમ પક્ષકાર સંસ્થાને ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ ની જોગવાઈઓ લાગુ પડે છે.

વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકારના નિમણૂક પત્રમાં પરચેઝ ઓફીસરનો હોદ્દો લખેલ હોવા છતાં તેઓને માત્ર છ મહીના માટે જ પરચેઝનું કામ સોંપેલ હતું. ત્યારબાદ તા.૦૧–૦૭–૧૩ ના રોજના પત્રમાં કવોલીટી અને એકાઉન્ટ તરીકેનો હોદ્દો આપેલ હતો. બીજા પક્ષકાર કવોલીટી ખાતામાં સોફાનું ઈન્સ્પેકશન, પીવીસી ચેકીંગ, વુડ ચેકીંગ અને રો–મટીરીયલ ચેકીંગ તેમજ કવોલીટી રીપોર્ટનું કામ કરતાં હતાં. તેઓએ પ્રથમ પક્ષકાર સંસ્થામાં એક વર્ષ આઠ માસ ફરજ બજાવેલ છે. તેઓના નોકરીના સમયગાળા દરમિયાન કોઈપણ પ્રકારનો વાંક કે ગુનો બનેલ નથી.

વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકારને તા.૦૧–૦૭–૧૩ ના નિમણૂંકપત્રમાં ઓફીસરનો હોદ્દો આપવામાં આવેલ હોવા છતાં તેઓને કોઈપણ પ્રકારની વહીવટી કે આર્થિક સત્તા આપવામાં આવેલ ન હતી. બીજા પક્ષકારને નોકરીમાં સર્વિગ અંગેનું સર્ટીફીકેટ આપવામાં આવેલ હતું. તેઓને ખરેખર નોકરીમાંથી છુટા કરવાનું નક્કી કરી તા.૧૦–૦૮–૧૪ ના રોજ રેગ્યુલરાઈઝ કરતો પત્ર આપવામાં આવેલ

તેમાં તેઓને પ્રોબેશન માટે રાખેલ હોવાનું ગેરકાયદેસરનું લખાણ કરવામાં આવેલ હતું. બીજા પક્ષકારને કોઈને નિમણૂંક કરવાની, કોઈ કર્ચમારીને છુટા કરવાની, કોઈની રજા પાસ કરવાની કે ચાર્જશીટ કે મેમો આપવાની વહીવટી પ્રકારની સત્તા ન હતી. તેઓના હાથ નીચે કોઈ કર્મચારી કામ કરતાં ન હતાં કે તેઓને કોઈનું સુપરવિઝન કરવાનું ન હતું.

વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર તા.૨૫-૦૯-૧૪ ના રોજ તેમની ફરજ ઉપર હતાં ત્યારે પુલીન શાહ સાહેબે તેઓને પોતાની કેબીનમાં બોલાવી તેઓ લખાવે તે મુજબનું રાજીનામું લખી આપો તો જ પગાર અને દિવાળીનું બોનસ મળશે અને રાજીનામું ન આપે તો તેઓને ટર્મીનેટ કરતો પત્ર તેઓના ઘરે મોકલીશું તેવું જણાવેલ. ત્યારબાદ બીજા પક્ષકાર તા.૨૬-૦૯-૧૪ ના રોજ ફરજ ઉપર હાજર થવા જતાં તેઓને હાજર કરેલ નહીં અને પુલીન શાહ સાહેબે તેઓને ફોન દ્વારા આવવું નહીં તેમ જણાવેલ હોવા છતાં કોઈ હિસાબ આપેલ નહીં. ત્યારબાદ પ્રથમ પક્ષકાર સંસ્થાએ ખોટા આરોપો અને આક્ષેપો કરી તા.૧૧-૧૦-૧૪ ના રોજનો છુટા કરવાનો પત્ર ઘરે મોકલાવેલ હતો. જે પત્ર તેઓને કબુલ મંજુર નથી. બીજા પક્ષકારે તેમના કાયદેસરના હક્કો, પગાર, બોનસ અને રજાના પગારની માંગણી કરેલ હતી. તેઓને સીક્યુરીટી ખાતાના વોચમેન સંસ્થામાં અંદર જવા દેતા ન હતાં.

વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકારને ગેરકાયદેસર છુટા કરતી વખતે કોઈ નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર ચુકવેલ નથી કે બચાવની તક આપેલ નથી અને ખાતાકીય તપાસ કર્યા વગર કોઈપણ જાતના વાંક કે ગુના વગર છુટા કરવામાં આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકારને છુટા કર્યા બાદ તેઓએ બરોડા યુનિયનનો સંપર્ક કરતાં યુનિયને પ્રથમ પક્ષકાર સંસ્થાને તા.૨૨-૧૦-૧૫ ના રોજ પત્ર લખેલ હોવા છતાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેઓને હાજર કરેલ ન હોવાથી મદદનીશ શ્રમ આયુકતશ્રી સમક્ષ ઔધોગિક વિવાદ ઉપસ્થિત કરેલ જયાં સંસ્થા તરફથી કોઈ હાજર ન રહેતાં સમાધાન શકય ન બનતા સદર વિવાદ ન્યાયનિર્ણય માટે નામ.

મજુર અદાલતને સુપરત કરવામાં આવેલ. બીજા પક્ષકારને છુટા કર્યા બાદ તેઓએ નોકરી મેળવવા પ્રયત્ન કરેલ હોવા છતાં નોકરી મળેલ નથી. હાલ તેઓ બેકાર છે. પ્રથમ પક્ષકાર સંસ્થા તેઓને ફરજ ઉપર બોલાવે તો જવા તૈયાર છે.

આમ, બીજા પક્ષકારને પડેલા દિવસોન પુરેપુરા પગાર તથા અન્ય તમામ લાભો સહિત સળંગ નોકરી ગણી નોકરીની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરે તેવો હુકમ કરવા તથા બીજા પક્ષકાર કામદારને તા.૨૫–૦૯–૧૪ ના રોજથી મૌખિક હુકમથી અને ત્યારબાદ તા.૧૧–૧૦–૧૫ ના રોજનો પત્ર આપી છુટા કરવાનું પ્રથમ પક્ષકાર સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર અને અન્યાયી ઠરાવી રદબાતલ જાહેર કરવાનો હુકમ કરવા તથા સદર રેફરન્સનો ખર્ચ રૂ.૫,૦૦૦/– તથા નામ. કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી હરકોઈ દાદ માંગેલ છે.

(૪) સદર કામના પ્રથમ પક્ષકારને નોટીસની બજવણી થયેલ હોવા છતાં તેઓ તરફે કોઈ હાજર રહેલ નથી કે જવાબ રજુ કરેલ ન હોવાથી બીજા પક્ષકાર તરફે આંક–૮ થી પ્રથમ પક્ષકારનો જવાબનો હક્ક બંધ કરવા અરજી આપતાં તે અરજી મારા પુરોગામીશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ.

બીજા પક્ષકાર તરફે આંક–૧૩ થી પ્રથમ પક્ષકારનો ઉલટ તપાસનો હક્ક બંધ કરવા અરજી આપતાં તે અરજી મારા પુરોગામીશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ.

બીજા પક્ષકાર તરફે આંક–૧૫ થી પ્રથમ પક્ષકારનો પુરાવાનો હક્ક બંધ કરવા બાબતે અરજી આપતાં તે અરજી મારા પુરોગામીશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ.

બીજા પક્ષકાર તરફે આંક–૧૬ થી પ્રથમ પક્ષકારનો દલીલનો હક્ક બંધ કરવા બાબતે અરજી આપતાં તે અરજીના મારા પુરોગામીશ્રી હુકમ આધારે પ્રથમ પક્ષકારનો દલીલ રજુ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ.

ત્યારબાદ અત્રેની અદાલતમાં સદર રેફરન્સ ચાલી જતાં મારા પુરોગામીશ્રી દ્વારા આંક–૧૭ થી તા.૦૫–૦૪–૧૮ ના રોજ બીજા પક્ષકારનો રેફરન્સ અંશતઃ મંજુર કરવામાં આવેલ. સદર હુકમથી નારાજ થઈ પ્રથમ પક્ષકાર સંસ્થાએ પરચુરણ અરજી નં–૩૯/૨૦૧૮ દાખલ કરેલ. જેમાં કામદારને ખર્ચ પેટે રૂ.૭,૫૦૦/– ચુકવી આપવાની શરતે રેફરન્સ ફરીફાઈલે લેવાનો હુકમ કરવામાં આવેલ.

બીજા પક્ષકાર તરફે આંક–૧૮ ની પુરસીસથી પરચુરણ અરજી નં–૩૯/૨૦૧૮ ના કામમાં તા.૦૫–૦૪–૧૮ ના રોજ થયેલ હુકમ મુજબના નાણાં રૂ.૭,૫૦૦/– (અંકે રૂપીયા સાત હજાર પાંચસો પુરા) બીજા પક્ષકારને મળી ગયેલ હોવાનું જાહેર કરતાં સદર કામ ફરીફાઈલે લેવામાં આવેલ.

(૫) સદર કામ ફરીફાઈલે લેવામાં આવતાં અત્રેથી આંક–૧૯ થી તા.૩૦–૦૭–૨૦૧૮ ના રોજ સદર કામના પ્રથમ પક્ષકારને આર.પી.એ.ડી. થી નોટીસ કરવામાં આવેલ. જે બીજા પક્ષકારની નોટીસ તેમના વકીલશ્રીને રૂબરૂમાં આપવામાં આવેલ હોવાનું તેઓની સહી તથા શેરા આધારે જણાય છે.

(૬) સદર કામના પ્રથમ પક્ષકારને નોટીસની બજવણી થતાં તેઓ તરફેના વકીલશ્રીએ હાજર રહી આંક–૨૦ થી તેમનું વકીલાતનામું રજુ કરી આંક–૨૧ થી લેખિત જવાબ રજુ કરી જણાવેલ છે કે, બીજા પક્ષકારનો રેફરન્સ કાયદામાં ચાલી શકે તેમ ન હોવાથી તથા બીજા પક્ષકાર સંસ્થામાં સુપરવાઈઝરી કક્ષામાં કામ કરતાં હોવાથી આઈ.ડી.એક્ટની કલમ–૨(એસ) મુજબ તેઓનો "કામદાર" ની વ્યાખ્યામાં સમાવેશ થતો ન હોવાથી સદર રેફરન્સ રદ થવાને પાત્ર છે.

વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકારે હાલના કામે જે સમયગાળા માટે પડેલા દિવસોના પગાર સહીત પુનઃ સ્થાપિત થવા માંગણી કરેલ છે તે સમયગાળા માટે તેમણે લેબરકોર્ટ, વડોદરા ખાતે ફલીપ્સ ઈલેકટ્રોનીકસ ઈન્ડિયા લી., સામે પણ આવા જ પ્રકારની માંગણી રેફરન્સ નં–૩૮૩/૧૪ થી ઉપસ્થિત કરેલ છે. આમ, એકજ

સમયગાળા માટે એકજ પ્રકારની માંગણી માટે તેઓ અલગ–અલગ કંપની સામે વિવાદ ઉપસ્થિત કરી શકે તેમ ન હોવાથી બીજા પક્ષકારનો રેફરન્સ ટકી શકે તેમ નથી.

વધુમાં માંગણાના નિવેદનની પેરાવાઈઝ હકીકતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે, બીજા પક્ષકારની મુખ્ય કામગીરીમાં ક્વોલીટી ખાતામાં સસ્થામાં ઉત્પાદન થયેલ સોફા વગેરેની ગુણવત્તાનું ધ્યાન રાખવાનું તથા સંસ્થાના કામદારો કામગીરી બરાબર કરે છે કે કેમ? તેનું ધ્યાન રાખવાનું તથા સંસ્થા વતી સંસ્થાના ગ્રાહકોની સાથે સીધો પત્રવ્યવહાર કરવાનું કામ તથા સંસ્થાના કામદારોની રજા મંજુર/ભલામણ કરતા હતાં તથા સંસ્થાના ઉત્પાદનની ગુણવત્તા સુધારવા સંસ્થાને સુચનો આપવાનું પણ કામ કરતાં હતાં.

વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકારે તા.૨૫–૦૯–૧૪ ના રોજ બનેલ બનાવની વિગતો તદ્દન ખોટી છે. બીજા પક્ષકાર હાલમાં પોતાનો જલારામ ફર્નીચરના નામે ધંધો કરતાં હોઈ તેઓ પ્રથમ પક્ષકારની હરીફાઈમાં હોઈ તેઓનું પ્રથમ પક્ષકાર સંસ્થાની જેમ જ પોતાનું ફર્નીચર બનાવવાનું કારખાનું હોવાથી તેમાંથી ખુબજ કમાણી કરતાં હોવાથી તેઓને નોકરીમાં રસ ન હોવાથી તેમણે કામગીરી બંધ કરેલ તેથી તે અંગેનો ખુલાસો માંગવામાં આવતાં તેઓ જાતે જ પરવાનગી લીધા વગર ફરજની જગ્યાએથી ચાલ્યા ગયેલ અને જાતે આવતાં બંધ થઈ ગયેલ હોવાથી બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

(૭) આ કામે બીજા પક્ષકાર તથા પ્રથમ પક્ષકાર તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>બીજા પક્ષકાર તરફેઃ</u>–**

**<u>મૌખિક પુરાવાઃ</u>–**

૧. આંક–૧૨ બીજા પક્ષકારશ્રી પટેલ મિતુલ જયંતિભાઈની સોગંદનામા સ્વરૂપે સરતપાસ.

**<u>લેખિત પુરાવાઃ</u>–**

| | | |
|---|---|---|
| ૧. | માર્ક–૨૫/૧ | સામાવાળા સંસ્થાની માંગણી મુજબ વડોદરા મજુર અદાલત સમક્ષ રજુ કરેલ રેફરન્સ નં–૩૮૩/૧૪ ના કેસમાં માંગણાના નિવેદનની નકલ. |
| ૨. | આંક–૨૬ | ક્લોઝીંગ પુરસીસ. (તા.૨૯–૦૨–૨૦૨૦) |

**<u>પ્રથમ પક્ષકાર તરફે</u> :–**

**<u>મૌખિક પુરાવાઃ</u>–**

| | | |
|---|---|---|
| ૧. | આંક–૨૭ | સાહેદશ્રી મોહંમદ અલ્તાફ કોલીવાલાનું જુબાનીનું સોગંદનામું. |

**<u>લેખિત પુરાવાઃ</u>–**

| | | |
|---|---|---|
| ૧. | આંક–૧૪ | ક્લોઝીંગ પુરસીસ. (તા.૦૮–૦૨–૧૮) |
| ૨. | માર્ક–૨૨/૧ | બીજા પક્ષકારને આપેલ નિમણૂંકપત્રની નકલ., તા.૦૧–૦૭–૧૩. |
| ૩. | માર્ક–૨૨/૨ | બીજા પક્ષકારને આપેલ કાયમી કર્યાના પત્રની નકલ., તા.૧૦–૦૮–૧૪. |
| ૪. | માર્ક–૨૨/૩ | બીજા પક્ષકારે કંપની વતી ખરીદી કરવા અલગ–અલગ સંસ્થાને આપેલ પરચેઝ ઓર્ડર–ઈમેઈલ સાથે પાન નં–૧ થી ૧૬. |
| ૫. | માર્ક–૨૨/૪ | બીજા પક્ષકારે કંપનીના ગ્રાહકોને ઈ–મેઈલ દ્વારા મોકલેલ માલના ઈન્સ્પેક્શનના રીપોર્ટ(પીડીએફ) ની નકલ. પાન નં–૧ થી ૪૭. |
| ૬. | માર્ક–૨૨/૫ | બીજા પક્ષકારની કામગીરી બાબતનું મુલ્યાંકન. |
| ૭. | માર્ક–૨૨/૬ | બીજા પક્ષકારને મોકલેલ બરતરફીનો હુકમ., તા.૧૬–૧૦–૧૪. |
| ૮. | માર્ક–૨૯/૧ | પ્રથમ પક્ષકાર સંસ્થામાં રાખવામાં આવેલ વિવિધ ઝોનના હેડ દર્શાવતું 5S ઓર્ગેનાઈઝેશન સ્ટ્રક્ચર. |

| | | |
|---|---|---|
| ૯. | માર્ક–૨૯/૨ | પ્રથમ પક્ષકાર સંસ્થાના કોમ્પ્યુટર સર્વરમાં વાઈરસ એટેક થયેલ તેની સાઈબર ક્રાઈમમાં આપેલ ફરીયાદની નકલ., તા.૧૧–૦૧–૨૦૨૦. |
| ૧૦. | આંક–૩૦ | ક્લોઝીંગ પુરસીસ. (તા.૦૪–૦૨–૨૩) |

સદર કામના બંને પક્ષકાર તરફેના વકીલશ્રીઓની મૌખિક દલીલ સાંભળી. સદર કામ હુકમ માટે રાખવામાં આવેલ.

## (૮) <u>પક્ષકારોની મૌખિક દલીલો:</u>–

**બીજા પક્ષકાર તરફે દલીલઃ–**

આ કામના બીજા પક્ષકાર તરફેના વિધ્વાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, બીજા પક્ષકાર કામદાર ધ્વારા આંક–૭ થી માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ છે. જેનો પ્રથમ પક્ષકાર સસ્થા તરફથી આંક–૨૧ થી જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે કંપની તરફથી બીજા પક્ષકાર કામદારનો સમાવેશ આઈ.ડી. એક્ટની કલમ–૨(એસ) મુજબ "કામદાર" ની વ્યાખ્યામાં થતો નથી તેમજ લેબર કોર્ટ, વડોદરા ખાતે ફલીપ્સ ઈલેક્ટ્રોનીક્સ ઈન્ડિયા લી., સામે કેસ કરેલ છે. જેથી બીજા પક્ષકાર કામદાર ડબલ એમ્પલોયમેન્ટ ધરાવે છે તેવો બચાવ લીધેલ છે તેમજ પોતાના જવાબમાં માંગણાના નિવેદનની હકીકતોનો ઈન્કાર કરેલ છે. આંક–૨૧ ના પેરા–૧૨ માં બીજા પક્ષકાર કામદાર કામ પર આવતા બંધ થયેલાનું જણાવેલ છે પરંતુ, હકીકતમાં તા.૧૧–૧૦–૨૪ ના છુટા કરવાના પત્ર આધારે બીજા પક્ષકારને છુટા કરેલ છે. બીજા પક્ષકારને જે કારણોસર છુટા કરવામાં આવેલ છે તે સ્ટીગ્માવાળા પત્રથી છુટા કરવામાં આવેલ છે. બીજા પક્ષકાર ઉપર જે આક્ષેપો કરવામાં આવેલ છે તે સંબંધે તેઓ વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરવામાં આવેલ નથી. બીજા પક્ષકારને નિમણૂંકપત્ર મુજબનો હોદ્દો આપવામાં આવેલ છે અને જે સત્તા આપવામાં આવેલ છે તેનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. બીજા પક્ષકારને મેનેજરીયલ કે સુપરવાઈઝરી કે વહીવટી પ્રકારની કોઈ કામગીરી સોંપવામાં આવેલ નથી. માર્ક–૨૨/૨ થી

પ્રથમ પક્ષકાર સંસ્થાનો કાયમીનો પત્ર છે તેમાં ક્યુસી આસીસ્ટન્ટ માં મુકવા નિમણૂંક આપવા સંબંધેનો છે. તેમાં પણ ઉલટ તપાસ મુજબનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. પેરા–૨ માં જનરલ સ્ટાફ ગ્રેડમાં મુકવામાં આવેલ છે. બીજા પક્ષકારને મેનેજમેન્ટે જે સુચના આપેલ તે મુજબ કરેલ છે. બીજા પક્ષકારને છુટા કરવાના પત્ર સાથે કોઈ લાભો આપવામાં આવેલ નથી. જેથી બીજા પક્ષકારનો રેફરન્સ મંજુ કરી બીજા પક્ષકાર કામદારને પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

**પ્રથમ પક્ષકાર તરફે દલીલઃ–**

પ્રથમ પક્ષકાર દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, બીજા પક્ષકાર કામદાર તરીકે કામ કરતાં હતાં. તે બાબત પુરવાર કરવાની જવાબદારી કામદારની રહે છે. બીજા પક્ષકાર સુપરવાઈઝરી પ્રકારની કામગીરી કરતાં હતાં. ૧૦,૦૦૦/– કરતાં વધુ પગાર ધરાવતા હતાં. બીજા પક્ષકારને સુપરવાઈઝરી સત્તા આપવામાં આપેલ હતી. બીજા પક્ષકાર કામદારને તા.૦૧–૦૭–૧૩ ના પત્ર મુજબ ક્વોલીટી અને એકાઉન્ટ તરીકેનો હોદ્દો આપેલ હતો. તેઓ સુપરવાઈઝરી પ્રકારની કામગીરી કરતાં હતાં. તેઓ સોફાનું ઈન્સપેક્શન, પી.વી.સી. ચેકીંગ, વુડ ચેકીંગ અને રો–મટીરીયલ ચેકીંગ તેમજ ક્વોલીટી રીપોર્ટનું કામ કરતાં હતાં કે જે કામગીરી સુપરવાઈઝરે કરવાની હોય છે તે પ્રકારની કામગીરી કરે છે. આંક–૨૭ માં જણાવ્યા મુજબના ઓર્ગેનાઈઝેશનમાં અગાઉ બીજા પક્ષકાર સુપરવાઈઝર તરીકે કામગીરી કરતાં હતાં. અગાઉ પણ બીજી કંપની સામે રેફરન્સ નં–૩૮૩/૧૪ કરવામાં આવેલ હતો. જેથી આ કોર્ટને હકુમત રહેતી ન હોઈ બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ રદ કરવા વિનંતી કરેલ છે.

પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે તેમની દલીલના સમર્થમાં એ.આઈ.આર. ઓનલાઈન ૨૦૨૩ અલ્હાબાદ પાન નં–૨૦૫૧ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ ઈન્ટરનેશનલ ટ્રાન્સફોર્મર્સ પ્રા. લી., અને બીજા વિરૂધ્ધ પ્રિસાઈડીંગ ઓફીસર ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ અને બીજાના કેસમાં એવું

ઠરાવેલ છે કે, જો કામદારની સુપરવાઈઝરી પ્રકારની કામગીરી હોય તો તેનો "કામદાર" ની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી.

**(૯)** આ કામે સદર રેફરન્સના આખરી નિર્ણય તથા નિકાલ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરવા જરૂરી બને છે.

**-:- <u>મુદ્દા</u> -:-**

(૧) શું બીજા પક્ષકાર માંગણાના નિવેદનમાં માંગેલ દાદ મેળવવા કાયદેસર હક્કદાર છે?

(૨) શું હુકમ ?

**(૯)** ઉપરોક્ત મુદ્દાઓના ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**-:- <u>નિર્ણય</u> -:-**

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૧૦)** ઉપરોક્ત મુદ્દાઓના ન્યાયિક નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**-:- <u>કારણો</u> -:-**

આ કામે ઉપસ્થિત થયેલ મુદ્દાની ચર્ચા કરતાં પહેલા પક્ષકારો તરફે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની ચર્ચા કરીએ તો, આ કામના બીજા પક્ષકારે આંક-૧૨ થી રજુ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં આંક-૭ થી રજુ માંગણાના નિવેદનની તમામ હકીકતોને વળગી રહેલ છે. જેથી પુનરાવર્તનનો દોષ ટાળવા તેની ચર્ચા કરવામાં આવતી નથી. બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદનના સમર્થનમાં માર્ક-૨૫/૧ થી સામાવાળા સંસ્થાની માંગણી મુજબ વડોદરા મજુર

અદાલત સમક્ષ રજુ કરેલ રેફરન્સ નં-૩૮૩/૧૪ ના કેસમાં માંગણાના નિવેદનની નકલ રજુ રાખેલ છે. બીજા પક્ષકાર દ્વારા આંક-૧૨ થી સરતપાસનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે તેમજ કેસ ફરીફાઈલે લીધા બાદ વધારાનું નિવેદન આપેલ છે તેમાં માંગણાના નિવેદનની હકીકતોને સમર્થકારી પુરાવો આપેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા બીજા પક્ષકારની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં બીજા પક્ષકારે જણાવેલ છે કે, તેઓએ અગાઉ ૧૦ થી ૧૫ કંપનીમાં કામ કરેલું છે. જેની હકીકત નામ. કોર્ટને જણાવવામાં આવેલ છે. તેઓએ ફીલીપ્સ કંપની સામે બરતરફ કરેલા તેમાં પુનઃ સ્થાપિત થવાનો કેસ કરેલો તે ચાલુ છે કે કેમ તે ખબર નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાને ફીલીપ્સ કંપની સામે કરેલ કેસ બાબતેનો કોઈ લેખિતમાં પુરાવો આપેલ નથી. પ્રથમ પક્ષકાર કંપનીમાં છેલ્લે સુધી ક્યુસી આસીસ્ટન્ટ તરીકે કામ કરેલું. ક્યુસી આસીસ્ટન્ટ તરીકે તેઓ સોફાનું ઈન્સપેક્શન, પીબીસી ચેકીંગ, વુડ ચેકીંગ, રો-મટીરીયલ ચેકીંગ અને ક્વોલીટી રીપોર્ટીંગને લગતી કામગીરી કરતાં હતાં. તેઓ પરચેઝને લગતી કામગીરી પણ કરતાં હતાં. તેઓ માલ મંગાવવાનો હોય ત્યારે સપ્લાયરને ફોન અથવા ઈ-મેઈલ મારફતે જાણ કરતાં હતાં. માર્ક-૨૨/૪ ના પાન નં-૩ થી ૪૭ સુધીના ઈ-મેઈલની નકલો રજુ કરેલ છે. કંપનીમાં કઈ રીતે કોસ્ટ ઘટાડવી અને ઉત્પાદકતા વધારવી તે બાબતે તેઓ કંપનીને સલાહ સુચન આપતા હતાં. જ્યારે તેઓ પરચેઝમાં હતાં ત્યારે કંપનીના કાયમી સ્ટાફવાળાઓને જે રજા જોઈતી હોય તો તે સંબંધેની ભલામણ તેઓ કરતાં હતાં. તેઓ જયજલારામ ફર્નિચરમાં નોકરી કરે છે. તેઓ રૂ.૮,૦૦૦/- પગાર મેળવે છે તથા જે વેચાણ થાય તેમાંથી સરેરાશ વર્ષે ૪૦ થી ૫૦ હજાર કમિશન મળે છે તેવું જણાવેલ છે.

પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક-૨૭ થી મોહંમદ અલ્તાફ કોલીવાલાને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના જવાબને સમર્થનકારી પુરાવો આપેલ છે. બીજા પક્ષકાર તરફેના વકીલશ્રી દ્વારા તેઓની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેમને ત્યાં મેનેજીંગ

ડીરેકટર અને જનરલ મેનેજરને જ નોકરીમાં રાખવાની અને છુટા કરવાની સત્તા છે. બીજા પક્ષકારને માર્ક–૨૨/૬ ના પત્રથી છુટા કરતાં પહેલા કોઈ નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર ચુકવવામાં આવેલ નથી કે ખાતાકીય તપાસ કરવામાં આવેલ નથી. બીજા પક્ષકાર હોદ્દા અનુરૂપ મટીરીયલનું ચેકીંગ કરતાં હતાં. તેઓના હાથ નીચે ૩૦ થી ૪૦ કામદારો કામ કરતાં હોવાનો પુરાવો પોતા પાસે હશે તો તે રજુ કરશે. તા.૧૧–૧૦–૨૪ ના પત્રમાં છુટા કરવાનો જે ઉલ્લેખ છે તે પત્રમાં કોઈ ચેકનો ઉલ્લેખ નથી કે ચેક નથી તેવું જણાવેલ છે.

**<u>મુદ્દા નંબર–૧ અને ૨ ની વિસ્તૃત ચર્ચા</u>:–**

આ કામે બીજા પક્ષકાર દ્વારા તેઓને તા.૨૫–૦૯–૧૪ ના રોજના મૌખિક હુકમથી તથા તા.૧૧–૧૦–૧૪ ના રોજના છુટા કરેલાના પત્રથી ગેરકાયદેસર ઠરાવી નોકરીમાં પુનઃસ્થાપિત કરી પડેલા દિવસોનો પગાર અપાવવા હાલનો રેફરન્સ કરવામાં આવેલ છે. જેનો પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા આંક–૨૧ થી જવાબ આપી મુખ્યત્વે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨(એસ) મુજબ બીજા પક્ષકારનો સમાવેશ "કામદાર" ની વ્યાખ્યામાં થતો નથી તેવો બચાવ લીધેલ છે. જે અંગે પુરાવો જોવામાં આવે તો, પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે માર્ક–૨૨/૧ થી તા.૦૧–૦૭–૧૩ નો નિમણૂંકપત્ર રજુ કરવામાં આવેલ છે. જેમાં બીજા પક્ષકારને ઓફીસર, ક્યુએ એન્ડ એ/સી તરીકે નિમણૂંક આપવામાં આવેલ છે. આ પત્ર મુજબ બીજા પક્ષકારને ઓફીસર તરીકે નિમણૂંક આપેલ છે તેમજ બીજા પક્ષકાર દ્વારા રજુ કરવામાં આવેલ આંક–૧૨ ની સરતપાસની ઉલટ તપાસમાં તેઓએ કંપનીમાં છેલ્લે સુધી ક્યુસી આસી. તરીકે કામ કરેલું અને તેઓ સોફાનું ઈન્સપેક્શન, પીબીસી ચેકીંગ, વુડ ચેકીંગ, રો–મટીરીયલ ચેકીંગ અને ક્વોલીટી રીપોર્ટીંગની તેમજ પરચેઝને લગતી કામગીરી કરતાં હતા. માલ મંગાવવા માટે સપ્લાયરને ફોન અથવા ઈ–મેઈલથી જાણ કરતાં હતાં તેમજ પોતે ઈન્સપેક્શનની કામગીરી કરતાં ત્યારે સોફા બનાવવાનું કામ

૩૦૦ થી ૪૦૦ મજુરો કરતાં હતાં તેવું કબુલ રાખેલ છે. વધુમાં, બીજા પક્ષકારે પોતાના આંક-૭ ના માંગણાના નિવેદનમાં પણ તેઓ દ્વારા ચેકીંગનું કામ કરવામાં આવતું હતું તેવું જણાવેલ છે. વધુમાં, તેઓની જુબાની મુજબ કંપનીમાં કઈ રીતે કોસ્ટ ઘટાડવી અને ઉત્પાદકતા વધારવી તે અંગેની પણ સલાહ સુચના આપતા હતાં. આ તમામ બાબતોને ધ્યાનમાં લેવામાં આવે તો, બીજા પક્ષકાર દ્વારા કંપનીમાં બનતા માલની દેખરેખ રાખવાનું, માલ ખરીદવાનું તેમજ પ્રથમ પક્ષકાર તરફેના સાહેદની જુબાની મુજબ પણ બીજા પક્ષકાર તેઓના હોદ્દાને અનુરૂપ મટીરીયલનું ચેકીંગ કરતા હતાં તથા મટીરીયલનું રીજેકશન હોય તો તે ચેક કરી રીજેકટ કરી તેની ડેબીટ નોટ પણ આપતા હતાં તેવું જણાય છે. વધુમાં, બીજા પક્ષકાર દ્વારા પોતે ઉપરોક્ત ચેકીંગ સિવાય ની કોઈ કામગીરી કરતાં હોવાની હકીકત પોતાની સરતપાસમાં જણાવેલ નથી. બીજા પક્ષકાર કામદારની કામગીરી ધ્યાને લેવામાં આવે તો, તેઓ દ્વારા કરવામાં આવતી તમામ કામગીરી સુપરવાઈઝરી કક્ષાની હોવાનું જણાય છે. પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા બીજા પક્ષકાર કામદાર માસીક રૂ.૧૦,૦૦૦/- કરતાં વધુ પગાર મેળવતા હોય તેઓનો "કામદાર" ની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી તેવી રજુઆત કરેલ છે પરંતુ, બીજા પક્ષકારનો સમાવેશ "કામદાર" ની વ્યાખ્યામાં થાય છે કે કેમ? તે બાબતે માત્ર તેઓનો પગાર ધ્યાને લેવાનો રહેતો નથી પરંતુ, તે સાથે સાથે તેઓની કામગીરી ધ્યાને લેવી પણ જરૂરી બને છે. માત્ર રૂ.૧૦,૦૦૦/- કરતાં વધુ પગાર હોવા માત્રથી "કામદાર" ની વ્યાખ્યામાં સમાવેશ થતો નહીં હોવાની રજુઆત ધ્યાને લઈ શકાય નહીં. ઉપર અગાઉ ચર્ચા કરી તે મુજબ બીજા પક્ષકાર કામદારની કામગીરી સુપરવાઈઝરી કક્ષાની હોય ત્યારે તેઓનો ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨(એસ) મુજબ "કામદાર" ની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી.

પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે બીજા પક્ષકાર કામદાર ફીલીપ્સ ઈલેકટ્રોનિકસ ઈન્ડિયા લી., સામે રેફરન્સ નં-૩૮૩/૧૪ દાખલ કરેલ હોય એક જ સમયગાળા માટે એક પ્રકારની માંગણી અલગ-અલગ

કંપનીઓ સામે ઉપસ્થિત કરી શકે નહીં. કારણ કે, ડબલ એમ્પલોયમેન્ટને કાયદામાં પ્રતિબંધ મુકવામાં આવેલ છે. આ અંગે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો, બીજા પક્ષકારને તેઓની ઉલટ તપાસમાં ફીલીપ્સ કંપની સામેના કરેલ કેસનો પુરાવો આપેલ નથી તેવું કબુલ રાખેલ અને ત્યારબાદ માર્ક–૨૫/૧ થી રેફરન્સ નં–૩૮૩/૧૪ માં માંગણાના નિવેદન રજુ કરેલ છે તે મુજબ બીજા પક્ષકાર ફીલીપ્સ કંપનીમાં સને ૨૦૦૪ માં જોડાયેલા હતા અને તા.૧૫–૦૩–૧૨ ના રોજ ચાર્જશીટ કમ સસ્પેન્શન હુકમ આપવામાં આવેલો. ત્યારબાદ બીજા પક્ષકારને ફીલીપ્સ કંપની દ્વારા તા.૦૫–૧૧–૧૨ ના રોજ બીજી નોટીસ આપવામાં આવેલ જેનો બીજા પક્ષકાર કામદારે જવાબ આપેલો અને તા.૧૦–૧૦–૧૩ ના રોજ બીજા પક્ષકારને બરતરફ કરવામાં આવેલા. જે અંગેનો ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરવામાં આવેલો. આ કામે બીજા પક્ષકારના જણાવ્યા મુજબ તા.૧૬–૦૨–૧૩ થી પ્રથમ પક્ષકાર કંપનીમાં જોડાયેલા. જ્યારે ફીલીપ્સ કંપની દ્વારા બીજા પક્ષકારને તા.૧૦–૧૦–૧૩ ના રોજ બરતરફ કરવામાં આવેલા. એટલે કે, બીજા પક્ષકારની નોકરી તા.૧૦–૧૦–૧૩ સુધી ફીલીપ્સ કંપનીમાં ચાલુ હોવા છતાં તા.૦૬–૦૨–૧૩ ના આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થામાં જોડાયેલ હતાં. બીજા પક્ષકારના જણાવ્યા મુજબ ફીલીપ્સ કંપની સામે કરેલ કેસનો આધાર પુરાવો પ્રથમ પક્ષકાર કંપનીને આપેલ નહીં હોવાનું કબુલ રાખેલ છે. આમ, સદર કામના બીજા પક્ષકાર કામદાર એક કંપનીમાં નોકરી ચાલુ હોવા છતાં બીજી કંપનીમાં જોડાયેલ છે પરંતુ, આ કામે બીજા પક્ષકાર કામદારને ડબલ એમ્પલોયમેન્ટના પ્રતિબંધનો ભંગ કરવા બદલ છુટા કરવામાં આવેલ હોવાનું જણાતું નથી. તેથી પ્રથમ પક્ષકારની તે તકરાર ધ્યાને લઈ શકાય તેમ નથી.

આ કામના પ્રથમ પક્ષકાર સાહેદની જુબાનીની ઉલટ તપાસ મુજબ બીજા પક્ષકાર કામદારને બરતરફ કરતાં પહેલા નબળી કામગીરી સંબંધેની કોઈ નોટીસ આપેલ હોય તેવો કોઈ દસ્તાવેજ રજુ કરેલ નથી. કોઈ કર્મચારી સાથે ગેરવર્તણૂંક કરેલ હોય તે બાબતે કોઈ નોટીસ

આપેલાનું જણાતું નથી. બીજા પક્ષકાર પોતે ફરજ ઉપર આવતા બંધ થયેલ હોય તેઓને હાજર થવા અંગે કોઈ નોટીસ આપેલ હોય તેવું પણ જણાતું નથી. બીજા પક્ષકાર કામદારને કોઈ ખાતાકીય તપાસ કરી છુટા કરેલાનું પણ રેકર્ડ પરથી જણાતું નથી.

વધુમાં, બીજા પક્ષકારની ઉલટ તપાસ ધ્યાને લેતાં તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ જયજલારામ ફર્નિચરમાં નોકરી કરે છે અને તેઓને રૂ.૮,૦૦૦/- પગાર મળે છે તથા જે વેચાણ થાય તેમાંથી તેઓને સરેરાશ વર્ષે ૪૦ થી ૫૦ હજાર કમિશન પેટે મળે છે. આ પરથી બીજા પક્ષકાર નોકરી કરી આવક મેળવી પોતાનું જીવનનિર્વાહ ચલાવી રહેલાનું પણ જણાય છે.

આમ, અગાઉ ચર્ચા કરી તે મુજબ આ કામના બીજા પક્ષકારની કામગીરીને ધ્યાને લેતાં તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં સુપરવાઈઝરી કક્ષાની કામગીરી કરતાં હોઈ તેઓનો ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨(એસ) મુજબ કામદારની વ્યાખ્યામાં સમાવેશ થતો ન હોવાથી બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવો યોગ્ય અને ન્યાયી જણાય છે. આથી મુદ્દા નંબર-૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર-૨ અન્વયે નીચે મુજબનો એવોર્ડ પસાર કરવામાં આવે છે.

## -:- <u>એવોર્ડ</u> -:-

(૧) બીજાપક્ષકાર મિતુલભાઈ જયંતિભાઈ પટેલનો હાલનો રેફરન્સ (એલ.સી.બી.) નં-૬૭/૧૫ નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**તારીખઃ ૦૮/૦૫/૨૦૨૬**
**સ્થળઃ ભરૂચ**

**(દેવેશ પ્રદ્યુમનભાઈ પુંજાણી)**
**જીજે૦૦૬૫૫**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત, ભરૂચ**

નયના કે. પ્રાંકડા, સ્ટેનોગ્રાફર